# સ્કન્ધ સાતમો-ઊતિ

**સ્કન્ધનો અર્થ:**

ગયા છઠ્ઠા સ્કન્ધમાં ત્રણ પ્રકારની પુષ્ટિનું વર્ણન કર્યું. (મનુષ્ય ઉપર, દેવો ઉપર અને દૈત્યો ઉપરની ભગવાન્‌ની કૃપાનું નિરૂપણ કર્યું. અથવા અજામિલનાં કર્મનો, ઈન્દ્રના મૃત્યુનો અને મરુતોના સ્વભાવનો લોપ કરનારી ત્રણ પ્રકારની પુષ્ટિનું વર્ણન કર્યું. જેઓને દુઃખ થયું; તે યમદૂત, વિશ્વરૂપ, દધીચિ, વૃત્ર વગેરેનું પણ કલ્યાણ કરનારી પુષ્ટિ છે એમ સૂક્ષ્મ રીતે વિચાર કરી દર્શાવ્યું). વળી દુઃખનો નાશ તથા આ લોકનું અને પરલોકનું એમ બે પ્રકારનાં સુખનું પણ નિરૂપણ કર્યું. ત્યાર પછી સાતમા સ્કન્ધમાં ૧૫ અધ્યાયોથી ઊતિનું નિરૂપણ કરવામાં આવેછે.

ભગવાન્ કોઈના ઉપર કૃપા(પુષ્ટિ) કરે, તેનો તેમણે પક્ષપાત કરેલો ગણાય. પુષ્ટિમાં એ પક્ષપાતરૂપ દોષ ભગવાન્ ઉપર આવે તે દૂર કરવા ઊતિલીલાનું વર્ણન કરવામાં આવે છે. પુષ્ટિમાં ભગવાન્ ઉપર પક્ષપાતી હોવાનો દોષ જણાય છે, કારણ કે ભગવાન્‌ને દેવો ઉપર પ્રેમ તથા દૈત્ય ઉપર દ્વેષ ન હોવા છતાં તે પક્ષપાત કરે છે એમ જણાય, તેથી ભગવાન્‌માં એવો દોષ નથી એમ જણાવવા આ સ્કન્ધમાં ભગવાને રચેલી વાસનાઓનું નિરૂપણ કરવામાં આવે છે. (વાસના પરમ્પરારૂપ હોઈ, અમુક પ્રકારના વંશરૂપ છે, અને વંશનું લક્ષણ ૧૨।૭।૧૬ માં આપેલું છે. તે લક્ષણમાં એમ જણાવેલું છે કે બ્રહ્મ એટલે પરબ્રહ્મ અથવા બ્રહ્માથી ઉત્પન્ન થયેલી પ્રીતિ ઉત્પન્ન કરનારી ત્રણે કાલમાં રહેનારી પરમ્પરા તે વંશ. આ લક્ષણ વાસનાને અને ઊતિને બન્નેને લાગુ પડતું હોવાથી ઊતિનો અધિક ગુણ અલૌકિકપણું દર્શાવવા ઊતિને ''ભગવાને રચેલી'' કહેલી છે.) તેથી ભગવાને રચેલી વાસના અથવા ઊતિનું આ સાતમા સ્કન્ધમાં નિરૂપણ કરેલું છે (એ આ સ્કન્ધનો અર્થ કહ્યો)૧-૩

**પ્રકરણો અને અધ્યાયો:**

આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક એ વિભાગ પ્રમાણે કર્મ ત્રણ પ્રકારનું છે. વળી કર્મ પાંચ (અવિદ્યાના પાંચ વિભાગોથી થતું, અને અધિષ્ઠાન વગેરે પાંચથી ઉત્પન્ન થતું (યોજના). પાંચ યજ્ઞો હોવાથી પાંચ કર્મ કહેલ હશે, (સર્વનિર્ણય શ્લો.૧-૨). નૈયાયિકો ઊંચે ફેંકવું, નીચે નાખવું, સંકોચવું, વિસ્તારવું અને જવું. એવાં પાંચ કર્મ હોવાનું કહે છે) છે. તેથી (૩ડ૫=૧૫) પંદર અધ્યાયોથી વાસનાઓનું નિરૂપણ કરેલું છે. વાસનાઓ કર્મથી જ થાય છે (૨।૧૦।૪ માં ''કર્મથી થયેલી વાસનાઓ એ ઊતિ'' એવું ઊતિનું લક્ષણ આપેલું છે, તેમાં પણ વાસનાઓ કર્મથી થતી હોવાનું કહેલું છે), અને કર્મથી જુદી છે. તે કર્મથી થતી હોવાથી અને કર્મ પંદર પ્રકારનું થતું હોવાથી, વાસનાઓનું નિરૂપણ પંદર અધ્યાયોથી કરેલું છે. (વાસનાઓ પુષ્ટિની સહાયક છે કારણ કે) ભગવાન્ પોતાની પુષ્ટિલીલાથી પણ જે-જે કાર્યો કરે છે, તે કાર્ય તેવા જ પ્રકારે થાય તે, જીવો વાસનાઓને વશ હોવાથી તેમને પ્રિય હોય છે એ સ્પષ્ટ છે. (તેથી ભગવાન્ જે કાંઈ કરે છે તે જીવોને પણ પ્રિય હોય છે એમ વાસનાઓ જણાવતી હોવાથી, તે પુષ્ટિની સહાયક છે)૪-૫।।

જીવમાં રહેલી વાસના સૂક્ષ્મ હોય છે. જીવનો દેહમાં સમાવેશ થાય, એટલે જીવ દેહમાં પ્રવેશ કરે ત્યારે વાસના મધ્યમ પ્રકારની થાય છે. આ મધ્યમ વાસના જડ અને જીવ ના જોડાણરૂપ છે અને અભિમાનથી ઉત્પન્ન થાય છે. આ સૂક્ષ્મ અને મધ્યમ એ બન્ને પ્રકારની વાસનાઓ જીવના સમ્બન્ધવાળી છે. ત્રીજી કર્મથી વાસના થાય છે. તે મનમાં થાય છે, અથવા મનના સમ્બન્ધવાળી છે. જીવના સમ્બન્ધવાળી વાસના દેવો અને દૈત્યો (સર્વ)નું હિત કરવાની ઈચ્છાથી ભગવાને રચેલી જાણવી. આ જીવને દેવ બનાવીને, અને આ બીજા જીવને દૈત્ય બનાવીને હું બન્નેનું હિત આવી રીતે કરીશ, એવી ભગવાન્‌ની ઈચ્છાથી જ્યારે જીવો પરબ્રહ્મમાંથી છૂટા પડે ત્યારે જે વાસના ભગવાને રચેલી હોય તે જીવમાં રહેલી 'સૂક્ષ્મ' વાસના જાણવી અને તે વાસના જીવને સૂક્ષ્મ દેહમાં પ્રવેશ કરાવનારી છે. પછી તે વાસનાથી જીવ (દેવના

અથવા દૈત્યના દેહને) પોતાનો જાણે ત્યારે તે દેવ અથવા દૈત્ય ના સ્થૂલ દેહમાં અભિમાન રાખનારો તે જીવ તે દેહમાં પ્રવેશ કરે છે. (આ મધ્યમ વાસના પણ જીવના જ સમ્બન્ધવાળી છે). એ રીતે બન્ને વાસનાઓનો સમ્બન્ધ થાય ત્યારે જ સાત્ત્વિક વગેરે પ્રકારનાં કર્મ કરવાની જીવમાં શક્તિ આવે છે, એવો આચાર્યશ્રીનો મત છે. આમ હોવાથી જીવો વાસનાઓને વશ છે એમ જાણીને ભગવાને તેઓનું હિત કરવા પુષ્ટિમાર્ગ કરેલો છે. (જો ભગવાન્ એકનું કલ્યાણ કરે અને બીજાનું અનિષ્ટ કરે, તો તેમનામાં પક્ષપાતી હોવાનો દોષ જણાય, પરન્તુ જીવોની વાસના પ્રમાણે કલ્યાણ વગેરે કરે તો તેમનામાં એ દોષ રહેતો નથી બ્રહ્મસૂત્ર ૨।૧।૩૪માં પણ આજ સિદ્ધ કરેલું છે. વળી જે દૈત્યોને ભગવાન્ હણે છે તેમને પણ મુક્તિ આપે છે એટલે તેમનું પણ હિત જ કરે છે. તેથી ભગવાન્ પક્ષપાતી હોવાનું તો બહિર્મુખોને જ જણાય છે. તેથી પુષ્ટિ અને ઊતિ એક-બીજાના સહાયક છે અને પુષ્ટિમાં દોષ જણાય તે ઊતિથી દૂર થાય છે. આ જ; પહેલા અધ્યાયના આરમ્ભમાં પરીક્ષિતે કરેલા પ્રશ્નથી તથા શ્રીશુકે આપેલા તેના ઉત્તરથી સિદ્ધ થાય છે)૫।।-૮।।

આ પંદર અધ્યાયોના દરેક પાંચ-પાંચના એવાં ત્રણ પ્રકરણો છે (સૂક્ષ્મ, મધ્યમ અને બહારની અથવા કર્મના સમ્બન્ધવાળી એવા વાસનાના ત્રણ પ્રકારના ભેદથી આ ત્રણ પ્રકરણો કહેલાં છે.) પહેલાં અને બીજા પ્રકરણમાં દૈત્યના અંશ તરીકે અને દેવના અંશ તરીકે પિતા હિરણ્યકશિપુ અને તેનો પુત્ર પ્રહ્લાદ અનુક્રમે જણાવેલા છે, અને આ (બન્ને વાસનાઓ) કર્મથી જ થાય છે એમ જણાવવા ત્રીજા પ્રકરણમાં કર્મનું નિરૂપણ કરેલું છે. (હિરણ્કશિપુ દૈત્યનો અંશ હતો એમ ૩।૧૭।૧૬ ઉપરથી અને પ્રહ્લાદ દેવનો અંશ હતો એમ ૧૦।૮૨।૪૭ તથા ૪૮ ઉપરથી સિદ્ધ થાય છે)૮।।-૧૦

આ સ્કન્ધમાં (દેવ, દૈત્ય અને મનુષ્ય એ) ત્રણેના આવેશવાળો નારદ વક્તા છે. (તેનામાં દૈત્યનો આવેશ થયેલો એમ ૭।૧૫।૬૯ તથા ૭૦ ઉપરથી સિદ્ધ થાય છે, કારણ કે તેના ગન્ધર્વ જન્મમાં નારદ લંપટ થયેલ હોવાનું કહેલ છે અને ૩।૨૦।૨૩ પ્રમાણે લંપટપણું દૈત્યોનો કુદરતી ગુણ છે.) જ્ઞાની ભક્ત અને કર્મ (યજ્ઞ) કરનાર યુધિષ્ઠિરને આ સ્કન્ધમાં શ્રોતા જણાવેલો છે, (ત્રણેના આવેશવાળો હોવાથી નારદ ત્રણે પ્રકારની વાસનાવાળો હોવાથી વક્તા તરીકે, અને યુધિષ્ઠિર જ્ઞાન વગેરે ત્રણે ગુણવાળો હોવાથી શ્રોતા તરીકે આ સ્કન્ધમાં યોગ્ય છે)૧૧

**પહેલા પ્રકરણનો અર્થઃ**

પહેલા પ્રકરણમાં દૈત્ય હિરણ્યકશિપુના પાંચ કર્મોનું નિરૂપણ કરેલું છે. કર્મો લૌકિક તથા અલૌકિક બે પ્રકારનાં છે. તેમાં લૌકિક કૃત્ય બે પ્રકારના છે. ૧.સર્વ (પ્રાણીમાત્ર)ને તેણે પીડા કરી તે અને ૨.તેણે કામભોગ કર્યો તે (સર્વને પીડા કરી તે, અને પોતે તપ વગેરે કર્યાં તે બે લૌકિક કૃત્ય બીજા અને ત્રીજા અધ્યાયમાં કહેલા છે, અને પુત્ર ઉપરના સ્નેહ વગેરેથી બીજા બે પ્રકારના કૃત્ય. એમ ચાર અધ્યાયોથી કહ્યા. પહેલા અધ્યાયમાં સનક વગેરેનો તિરસ્કાર એ અલૌકિક કૃત્ય કહ્યું. એમ પાંચ કર્મો કહ્યાં (યોજના) તપ લૌકિક ન ગણાય.) (આ અનુક્રમે બીજા અને ચોથા અધ્યાયમાં કહેલાં છે. બાકીના પહેલા, ત્રીજા અને પાંચમા અધ્યાયમાં કહેલાં ત્રણ કર્મો અલૌકિક કર્મો છે૧૨

સનક વગેરેની જય તથા વિજયે અવગણના કરી તે તેઓનું કાર્ય ભગવાન્ની સેવાના ધર્મનું કાર્ય ન હતું, કારણ કે જો તે ભગવાન્ની સેવાના ધર્મનું કાર્ય હોત તો મુનિઓની અવગણના થાત નહિ, (લાકડીથી તેઓ મુનિઓને અંદર જતાં અટકાવત નહિ, અને તેમની મશ્કરી કરત નહિ. પરન્તુ ''હમણાં દર્શનનો અવસર નથી'' એમ જ કહેત) અને પોતાની યુક્તિથી તેઓને અંદર ન જવા સમજાવત. આમ તેઓએ કર્યું નહિ તેથી એમ જણાય છે કે તેઓ ભગવાન્ના સેવક હતા, સેવાથી ઉંચી સ્થિતિ તેમણે પ્રાપ્ત કરેલી અને તે સમયે દેહ ઇન્દ્રિય પ્રાણ વગેરેનો અધ્યાસ તેમને ન હતો એટલે અવિદ્યાનો સમ્બન્ધ તેઓને થાય તેવું સમ્ભવતું ન હતું, છતાં પણ આ તેઓનું મુનિઓની અવગણના કરવાનું કાર્ય અવિદ્યાથી જ થયેલું હતું. એટલે તેઓમાં દૈત્યનો સ્વભાવ ઉછળી આવવાથી જ થયેલું, (ભગવાન્થી જીવના છૂટા પડવાના સમયે તેઓમાં ભગવાને જે દૈત્યનો સ્વભાવ વિચારેલો અને જે સ્વભાવ દેહનો સમ્બન્ધ થતાં પહેલાં થતાં અવિદ્યાના સમ્બન્ધથી થાય છે, તેવો દૈત્યનો સ્વભાવ ઉછળી આવવાથી જ થયેલું. તેઓએ એવી રીતે મુનિઓની

અવગણના કરી ત્યારે ભગવાને જે વિચારેલું તે મુનિઓ પણ જાણતા હોવાથી તેઓ વૈકુણ્ઠમાં વાસ કરવામાટે યોગ્ય થાય તે માટે મુનિઓએ તેઓને ત્રણ જન્મો સુધી અસુર થવાનો શાપ આપ્યો (અ.૧।૩૭-૩૮).

ત્રણ પ્રકારની (સૂક્ષ્મ, મધ્યમ અને કર્મથી થયેલી) દુષ્ટ વાસના જય તથા વિજય માં હતી તે સ્પષ્ટ પ્રકારે અત્યન્ત બહાર આવી, અને તેથી તેઓએ મુનિઓની અવગણના કરી. જેમ અત્યન્ત ભોગ થાય ત્યારે કામ શાંત થાય છે, તેવી રીતે અત્યન્ત બહાર આવવાથી વાસનાઓ પણ દૂર થાય છે. તેથી જય-વિજયની વાસનાઓ દૂર થાય તે માટે શાપનું કારણ પણ સર્વ દુઃખ હરનાર હરિએ જ ઉત્પન્ન કરેલું.

(સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં આ વાસના દૂર કરવાનું કારણ પણ હરિની કૃપા જ છે. કારણ કે હરિની ઈચ્છાથી જ સર્વ થતું હોવાથી તે સર્વનું કારણ છે. તેથી આ પ્રસઙ્ગમાં પણ પુષ્ટિ તથા ઊતિ લીલા સહાયક જ થયાં).

ત્રીજા સ્કન્ધમાં જય તથા વિજય ને ''ભગવાન્‌થી વિરુદ્ધ સ્વભાવવાળા'' અ.૧૫-૩૦, તથા ભગવાન્‌ની અવગણના કરનારા અ.૧૬-૨ કહેલા છે તે કથા સમાધિભાષા નથી, પરન્તુ મતાન્તર છે. (ત્રીજા સ્કન્ધમાં ૧૪ થી ૧૯મા સુધીના છ અધ્યાયની કથા મતાન્તર છે, એમ ચૌદમા અધ્યાયના આરમ્ભમાં શ્રીસુબોધિનીની પહેલી કારિકામાં જ કહેલું છે અને ત્રીજા સ્કન્ધના નિબન્ધની ૧૩૫-૧૪૪ સુધીની કારિકાઓથી પણ જણાવેલું છે)૧૩-૧૬

જય અને વિજય ના આ શાપ પછી ત્રણ જન્મો થયા. ત્રણ જન્મોમાં ક્રોધ, કામ અને લોભ તેમનામાં જોવામાં આવ્યા. દુષ્ટ વાસનાઓને લીધે જીવને દૈત્યપણું પ્રાપ્ત થાય છે, અને એવી વાસનાઓ હોવાને લીધે લોકમાં ક્રોધ, કામ તથા લોભ તેઓને ત્રણ જન્મોમાં થયાનું પ્રસિદ્ધ છે. આ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ ના પહેલા જન્મો થયા, તેમાં તેઓને સામાન્ય રીતે લોભ ઘણો વિશેષ થયેલો. તેઓમાં રજોગુણ ઘણો બલવાન્ હોવાથી અને ભગ.ગીતા૧૪।૧૬ પ્રમાણે રજોગુણથી લોભ થતો હોવાથી તેઓને આ જન્મમાં ઘણો લોભ થયેલો. તેથી સર્વને કમ્પાવનાર તેઓના દુઃખ હરનાર હરિ ભગવાન્ તેઓના આ જન્મમાં જ નૃસિંહ થઈ અવતરેલા, કારણ કે તેના ગુણ(ક્રોધ વગેરે) ભગવાન્ ગ્રહણ કરે તો જ તે જાય, બીજા કોઈ પ્રકારે જાય નહિ. તે ગુણ જતાં વાસનાનો નાશ થાય જ, એમાં કાંઈ સંશય નથી.

આ નૃસિંહ અવતાર ક્રોધરૂપ જ છે. (હિરણ્યાક્ષનો વધ કરનાર વરાહ પણ ''આ જે વરાહ છે તે પશુઓનો ક્રોધ છે'' એ શ્રુતિ પ્રમાણે ક્રોધરૂપ જ છે. તેથી ભગવાને તેમના ઉપર એવા ક્રોધરૂપ અવતાર લઈ કૃપા કરેલી હોવાથી ભગવાન્‌માં પક્ષપાતનો દોષ નથી, અને પુષ્ટિમાં જે દોષ જણાય તે દૂર કરવા જ ભગવાને આ લીલા કરેલી છે. એવી રીતે આ પ્રકરણમાં એમ જણાવ્યું છે કે ઊતિ કરણ અથવા સાધન છે, ક્રોધ વગેરે ક્રિયાઓ છે અને દૈત્ય વગેરેના સ્વરૂપથી રહેવું તે ફલ છે)૧૭-૧૯

હિરણ્યકશિપુમાં દૈત્યોની વાસના કુદરતી હોવાથી, બીજા અધ્યાયમાં વર્ણન કરેલું જ્ઞાન શ્લો.૨૦-૬૦, ત્રીજા અધ્યાયમાં જણાવેલ તપ શ્લો.૨-૫ તથા સ્તુતિ શ્લો.૨૬-૩૮, અને ચોથા અધ્યાયમાં વર્ણવેલ વરદાનની પ્રાપ્તિ શ્લો.૧-૨; તેને કેમ થયા? કારણ કે અસુરોને એવું જ્ઞાન હોવાનું સમ્ભવતું નથી! વળી બ્રહ્મા સર્વ જાણનાર હોવાથી તેવા અસુરને વરદાન કરે નહિ–એવી શઙ્કા થાય, તો જાણવું કે બ્રહ્માએ તેને વરદાન કર્યું તે પ્રાપ્ત કરવાનો તેને અધિકાર હતો એમ જણાવવા તેવાં ×ઈ૧×અજ્ઞાન ×ઈ૨×અતપ ×ઈ૩×અબ્રહ્માની તેણે કરેલી સ્તુતિ તથા ×ઈ૪×અબ્રહ્માએ કરેલ વરદાન એ ચારથી તેની આ લોકમાં ઘણા વૈભવવાળી ઉંચી સ્થિતિ (અ.૪।૬-૨૦) હોવાનું જણાવેલ છે. તેણે કરેલ ભોગ અને લોકોને દીધેલ દુઃખ એ બેની મધ્યે તેણે તપ કર્યાનું કહેલ છે. અને બ્રહ્માની તેણે કરેલી સ્તુતિ અને બ્રહ્માએ કરલ વરદાનથી તે તપ ઉત્તમ પ્રકારનું હોવાનું જણાવેલ છે. (તેથી બ્રહ્મા સર્વ જાણનાર હોવા છતાં તેમણે વિચાર કર્યા વિના જ તેની બહારની સરસાઈ જોઈ તેને વરદાન કર્યું, કારણ કે અધિકાર ભોગવતી વખતે વિચાર કરવામાં આવે નહિ

ત્યારે સર્વજ્ઞપણું રહેતું નથી. તેથી જ આગળ નૃસિંહ ભગવાન્ તેમને અસુરોને એવા પ્રકારનું વરદાન ન કરવાનો બોધ (અ.૧૦।૩૦માં) કરશે.

દૈત્યોમાં લૌકિકપણું અને અલૌકિકપણું બન્ને હોવાથી, વાસનાને લીધે તેમનામાં જ્ઞાન વગેરે હોવાનું સમ્ભવતું હોવા છતાં તે તેમના દૈત્યપણાને રોકી શક્તું નથી, તેમ બીજા લોકો ઉપર ઉપકાર કરાવી શકાતું નથી૨૦-૨૧

જેમ બિલાડાંઓ રાત્રે જોઈ શકે છે તેમ દૈત્યોને, બીજા અધ્યાયમાં વર્ણવ્યું તેવું, જ્ઞાન હોય છે. તે વાસનાથી ઉત્પન્ન થયેલું હોઈ લૌક્કિ જ છે, કારણ કે તેવું સત્ય જ્ઞાન હોય તો અત્યન્ત ભોગ પ્રાપ્ત થવા છતાં પણ તૃપ્તિ ન થાય તેવું ન બને. વળી તેના ભાઈને વિષ્ણુએ હણ્યો તેથી તેને ભગવાન્ ઉપર દઢ મૂલવાળો દ્વેષ ન થાત. વળી આવા જ્ઞાનીને તેને પહેલાં પ્રહ્લાદ ઉપર હતો તેવો પુત્ર ઉપર પ્રેમ પણ ન હોય, ખાસ કરીને ''દેહ જ આત્મા છે'' એવી બુદ્ધિ દઢ ન હોય, અને ખાસ કરીને ''ભગવાન્ વિશ્વ આખાના આત્મા હોવા છતાં દેવોનું દઢતાથી પાલન કરે છે'' એવું ભગવાન્ પક્ષપાતી હોવાનું ભાન પણ ન હોય. હિરણ્યકશિપુને તો અત્યન્ત ભોગ પ્રાપ્ત થવા છતાં તૃપ્તિ થઈ નહિ, તેના ભાઈને વિષ્ણુએ હણ્યો તેથી તેમના ઉપર દઢ મૂલવાળો દ્વેષ થયો અ.૪।૪, તેને પ્રહ્લાદ ઉપર ઘણો પ્રેમ પણ આરમ્ભમાં હતો અ.૫।૪,૨૦,૧, ''પોતે જ પુત્ર થાય છે'' એ શ્રુતિ પ્રમાણે એ પુત્ર ઉપરનો પ્રેમ ''દેહ જ આત્મા છે'' એવી તેની મતિ પણ દઢ હોવાનું જણાવે છે અને ભગવાન્ દેવોનો દઢ પક્ષપાત કરે છે એમ પણ તે માનતો, તેથી વાસનાને લીધે તેને એ જ્ઞાન થયેલું, ભગવાન્‌ને લીધે અથવા પારમાર્થિક થયેલ ન હતું એમ જણાય છે૨૨-૨૩।।

જો હિરણ્યકશિપુનું જ્ઞાન વગેરે વાસનાથી જ તેને પ્રાપ્ત થયેલ હોય, તો પ્રહ્લાદ જેવો પરમ વૈષ્ણવ પુત્ર તેને કેમ થાય? વળી ૮।૧૯।૭માં વામનજી તેને વૈકુણ્ઠ પ્રાપ્ત થયાનું કહે છે તે કેમ સમ્ભવે? એવા પ્રશ્ન થાય તો જાણવું કે શ્રીકૃષ્ણે તે દૈત્યમાં આવેશ કરેલો ત્યારે તેનાથી પ્રહ્લાદની ઉત્પત્તિ થયેલી. ૮।૧૯।૯માં જ ભગવાને પોતે તેના હૃદયમાં પ્રવેશ કરવાનું કહેલું છે. તેથી તેના હૃદયમાં જ્યારે ભગવાને પ્રવેશ કરેલો ત્યારે તેનાથી પ્રહ્લાદની ઉત્પત્તિ થયેલી અને આવેશવાળા ભગવાન્‌નું સામર્થ્ય તેનામાં હોવાનું સમ્ભવતું હોવાથી જ તે વૈકુણ્ઠ પણ ગયેલો. તેથી તેના (વર્ણવેલાં અને ન વર્ણવેલા) બધાંએ સારા કાર્યોમાં તેની જ્ઞાનરૂપ વાસના સારી રીતે બહાર પ્રકટ થયેલી. તે વાસનાને લીધે જ તેણે આરમ્ભમાં પ્રહ્લાદ ઉપર ઘણો સ્નેહ વગેરે કરેલ, અને ''જેની જેનામાં શ્રદ્ધા હોય તે તે જ છે'' એવી બુદ્ધિથી પાછળથી તેને મારી નાખવાનો ઉદ્યમ કરવાની તેની મતિ થઈ. અને તેણે તેવો ઉદ્યમ કર્યો૨૪।।-૨૬

આ સ્કન્ધના આરમ્ભમાં ભગવાન્‌ના દ્વેષથી પણ મુક્તિ પ્રાપ્ત થવાનું કહેલ છે, અને હિરણ્યકશિપુએ તેમનો દ્વેષ કર્યો, છતાં તેને મુક્તિ પ્રાપ્ત કેમ ન થઈ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે શ્રીકૃષ્ણનો દ્વેષ અવિદ્યાનો સર્વથી મોટો(મહાતમોરૂપ) વિભાગ છે, છતાં હિરણ્યકશિપુને મુનિઓનો ત્રણ જન્મ સુધીનો શાપ થયેલ હોવાથી તેને તે મુક્તિરૂપ ફલ પ્રાપ્ત ન થયું.

સદ્વાસનાના (બીજા) પ્રકરણમાં તેને ભગવાને હણ્યો તે વૃત્તાન્ત કહેલો છે. શત્રુ જો પુત્ર થઈ અવતરે તો કોઈ-કોઈ સમયે તેના ઉપર દ્વેષ થાય, છતાં પ્રહ્લાદ હિરણ્યકશિપુનો શત્રુ ન હતો એટલે તેનો શત્રુ; પ્રહ્લાદ તરીકે અવતરેલ ન હતો એમ જણાવવા, તેના પ્રહ્લાદ ઉપરના (આરમ્ભના) સ્નેહનું પાંચમા સ્કન્ધમાં વર્ણન કરેલું છે. તેથી આ પ્રકરણના પાંચ અધ્યાયોમાં અનુક્રમેઃ

૧.હિરણ્યકશિપુની ઉદ્ધતાઈ (સનક વગેરેની અવગણના શ્લો.૩૬)
૨.તેણે સર્વને કરેલી પીડા (શ્લો.૧૩-૧૬)
૩.તેણે પોતાને કરેલી પીડા એટલે તેનું તપ (શ્લો.૩-૬)
૪.તેણે કરેલ નિરંતર કામનો ભોગ (શ્લો.૪-૨૦) અને

૫.ભગવાન્‌ના ભક્તને કરેલી પીડા (શ્લો.૩૩-૪૪)
—એ પાંચ પ્રકારે તેની વાસના જણાવી તે વાસનાનાં કાર્યો વર્ણવેલાં છે૨૭-૨૯।।

**પ્રકરણ ૨ ; અધ્યાય ૬-૧૦:**

હવે બીજા પ્રકરણમાં છઠ્ઠાથી દશમા સુધીના પાંચ અધ્યાયોમાં દૈવી સર્ગનાં બીજરૂપ સર્વને મોક્ષ આપનારી (એટલે અવિદ્યાના પાંચે વિભાગોનો નાશ કરનારી) સારી વાસનાઓનું નિરૂપણ કરવામાં આવે છે.

''આસુરી સંપત્ બન્ધન કરાવનારી મનાયેલી છે'' (ભગ.ગીતા૧૬।૫) એ વાક્ય પ્રમાણે દૈત્યભાવ બન્ધન કરાવનારો હોવાથી દૈત્યભાવ જતો રહે ત્યારે સર્વનો મોક્ષ થાય, તેમાં સંશય રહેતો નથી. તેથી સારી વાસના જ્ઞાન પ્રાપ્ત કરાવી તથા કર્મો કરાવી સર્વને મોક્ષ પ્રાપ્ત કરાવે છે એ સ્પષ્ટ છે. (સારી વાસના દુષ્ટ વાસનાઓનો નાશ કરનારી હોવાથી દુષ્ટ વાસનાઓનું નિરૂપણ કર્યા પછી સારી વાસનાઓનું નિરૂપણ પણ કરેલ છે.)

જે બધાયને મુક્તિ પ્રાપ્ત કરાવે તેને જ સારી વાસના કહેલી છે. તેથી કામનાવાળા કર્મોના ધર્મ વગેરે સારી વાસનાનાં વિષયો નથી. આ સારી વાસનાઓના પણ પાંચ વિભાગ છેઃ
૧.જ્ઞાન પ્રાપ્ત કરાવનારી દયા જેનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, તે સારી વાસનાઓનો પ્રથમ વિભાગ છે, (જુઓ અ.૬।૨૪,૨૫).
૨.મોટા ભક્તોની પ્રભાવવાળી કૃપા તેનો બીજો વિભાગ છે. આ ઉત્તમ પ્રકારનો વિભાગ છે, (તેનું નિરૂપણ અ.૭।૮-૧૬ માં કરેલું છે).
૩.પછી મોટાં દુઃખોનાં કારણોનો નાશ કરનાર હરિનું પ્રાકટ્ય, એ પ્રાકટ્યને અનુકૂલ ક્રિયા થયા પછી થાય એ તેનો ત્રીજો વિભાગ છે. (આનું નિરૂપણ અ.૮।૧૪-૩૧માં કરેલું છે).
૪.જીવ જે પ્રકારે સમ્પૂર્ણ રીતે ભગવાન્‌ને સન્મુખ થાય તે ચોથો વિભાગ છે. (પ્રહ્‌લાદ ભગવાન્‌ને સન્મુખ થયો, તે અ.૯।૮-૫૦માં જણાવી આ વિભાગનું નિરૂપણ કરેલું છે).
૫.કાયા, વાણી અને મન થી ભગવાન્‌માં સ્થિતિ થવી અને તે પણ ભગવાન્‌ની કૃપા સાથે થવી તે પાંચમો વિભાગ છે. (આનું નિરૂપણ અ.૧૦।૨-૨૩માં કરેલું છે).

—આ પાંચ સારી ભાવનાના વિભાગો જેનામાં હોય તે દોષરહિત અને સર્વ સુખ ભોગવનારો થાય છે. અને તેની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. (આ પાંચ વિભાગોથી આ પ્રકરણના પાંચ અધ્યાયોના અર્થ પણ કહેલા છે)૨૯।।-૩૪।।

દશમા અધ્યાયમાં ત્રિપુરનું ઉપાખ્યાન શા માટે કહેલું છે? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ત્રિપુર તો દુષ્ટ વાસનાનું મૂલ કહેલું છે. (સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણવાળી માયારૂપ દુષ્ટ વાસનાનું મૂલ તે ત્રિપુર. દુષ્ટ વાસના મોહથી ઉત્પન્ન થાય છે અને મોહ માયાથી ઉત્પન્ન થાય છે. તેથી માયા દુષ્ટ વાસનાનું મૂલ છે. માયારૂપ) ત્રિપુર દુષ્ટ વાસનાનું આધિદૈવિક સ્વરૂપ છે. તેવી જ રીતે હરિ સારી વાસનાનું મૂલ છે. અમૃતરસનું પાન (અ.૧૦।૬૨) તેમ જ શઙ્કરનું રક્ષણ (અ.૧૦।૬૧-૬૮) એ સર્વ કાર્ય શ્રીકૃષ્ણની કૃપાના બલથી જ થયેલું, (તેથી સર્વ કાર્યમાં ઊતિની સહાયક પુષ્ટિ છે એમ જણાવવા આ ત્રિપુરનું ઉપાખ્યાન કહેલું છે. આ ઉપાખ્યાન નિરર્થક છે એવી શઙ્કા ન કરવી, કારણ કે આ માર્ગમાં મર્યાદાપુષ્ટિ સહાયક છે એમ આ ઉપાખ્યાનથી જણાવેલ છે. કારણ કે જેનું જેટલું કાર્ય કરવાથી તેની કામના પૂર્ણ થાય, તેટલું તેનું કાર્ય ભગવાન્ નિશ્ચય કરે છે, તેથી અધિક કરતા નથી એમ તેનાથી સિદ્ધ થાય છે.

દૈત્યબાલકોની સ્થૂલ વાસનાઓનો તો પ્રહ્‌લાદે તેઓને કરેલા બોધથી નાશ થયો, અને દૈત્યોના પતિ હિરણ્કશિપુના દેહનો નાશ કરી ભગવાને તેના લોભનો નાશ કર્યો, તેમ જ પોતાની ઉપર પ્રેમ રાખનાર પ્રહ્‌લાદને પણ

હિરણ્યકશિપુ દેહનું કષ્ટ આપતો હતો તેનાથી મુક્ત કરાવ્યો. વિચાર વિના વરદાન કરનાર બ્રહ્માને પણ ઉપદેશ આપી (અ.૧૦।૩૦) તેવું કાર્ય ભવિષ્યમાં કરતા અટકાવ્યા. મહાદેવને પણ ત્રિપુરનો નાશ ન કરી શકવાથી થયેલાં મનના દુઃખમાંથી છોડાવ્યા (અ.૧૦।૬૧-૭૦). શિવનો ભક્ત મય પણ દોષવાન હતો, કારણ કે તેણે તેવું ત્રિપુર બનાવેલું, તેને પણ તેણે બનાવેલ ત્રિપુર વ્યર્થ થવાથી થયેલાં મનનાં દુઃખમાંથી છોડાવ્યો (અ.૧૦।૬૩-૬૪) અને શઙ્કરને પણ ત્રિપુરનો નાશ કરવાથી થતા અહઙ્કારથી બચાવ્યા (અ.૧૦।૬૫-૬૬). તેથી આ ઊતિલીલામાં મર્યાદાપુષ્ટિ સહાયક છે એમ જણાવવા ત્રિપુરની આ કથા કહેલી છે૩૪।।-૩૯

આ પહેલા બે પ્રકરણોમાં હિરણ્યકશિપુ અને પ્રહ્લાદ એ બે પિતા અને પુત્રને પસન્દ કરીને દુષ્ટ તથા સારી એ બે વાસનાઓનું નિરૂપણ કરેલું છે. બ્રહ્મથી જીવ છૂટા પડે ત્યારે થયેલી આ બે કુદરતી વાસનાઓનું નિરૂપણ થયું. હરિના સમ્બન્ધથી આ ઊતિલીલા પુષ્ટિલીલા સાથે રહેલી છે એમ સ્પષ્ટ થાય છે. જો કુદરતી સારી વાસના હોય તો સત્સઙ્ગથી તેની વૃદ્ધિ થાય છે, અને જો કુદરતી દુષ્ટ વાસના હોય તો સત્પુરુષોનું જ અપમાન કરવાથી તે જ રીતે તેની વૃદ્ધિ થાય છે૪૦-૪૧

**પ્રકરણ ૩:**

દૈવી અને આસુરી એવી બે પ્રકારની સુષ્ટિ (ભગ.ગીતા૧૬।૬) હોવાથી તેનાં મૂલરૂપ વાસના પણ બે પ્રકારની જ હોય, તેથી ત્રીજું પ્રકરણ કેમ કહેલું છે? એવી શઙ્કા થાય, તો જાણવું કે બન્નેના મિશ્રણવાળી ત્રીજી સુષ્ટિનાં મૂલરૂપ જુદી વાસના વધારાની છે તેથી તેવી વાસનાનો નાશ થાય તે માટે આ ત્રીજું પ્રકરણ કહેલું છે. (સારી અને ખરાબ) બન્ને વાસનાઓ કુદરતી જેમને હોય તેઓને માટે જુદું પ્રકરણ કહેલું છે.

આવા પુરુષે દુષ્ટ વાસનાનો ત્યાગ કરવો અને સારી રાખવી. એમ કરવા બન્ને પ્રકારના કર્મ કરવાથી બન્ને પ્રકારના ફલ મળે અને તેથી મુક્તિ થાય જ. ઊતિની સહાયક પુષ્ટિ તો જાણવી કઠણ, અને પ્રાપ્ત કરવી એ પોતાની સત્તામાં નહિ. તેથી આ ત્રીજા પ્રકરણનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પાંચ પ્રકારના કર્મ (સર્વનિ.શ્લો.૧-૨) કરવાથી મૂલભૂત દુષ્ટ વાસનાનો નાશ થાય છે, તેવી જ રીતે વેદમાં જે કર્મો કરવાની મના કરેલી છે તે કર્મો કરવાથી સારી વાસનાનો પણ નાશ થાય છે, અથવા તેવાં કર્મ કરવાથી વિરુદ્ધ(દુષ્ટ) વાસનાનું પોષણ થવાથી સારી વાસનાનો નાશ થાય છે. તે (પુષ્ટ થયેલી દુષ્ટ વાસના)ના વિરોધને લીધે જો શ્રવણ વગેરેથી સારી વાસનાનું ભક્તિમાર્ગ પ્રમાણે પોષણ કરવામાં આવે, તો યોગ્ય સમયે (તે બન્ને વાસનાનાં)બન્ને ફલો ભોગવે છે, અને ફરીથી પહેલાં થયેલ તેવી રીતે જન્મ થાય છે. આવા કારણથી જય અને બીજો વિજય બંને (વૈકુણ્ઠમાં ફલ ભોગવી) ફરી જન્મેલા. આ સૂક્ષ્મ તત્ત્વ જે જાણે છે અને તેનો ભય રાખે છે તેણે શો ઉપાય કરવો તે આ ત્રીજા પ્રકરણમાં કહેલું છે, (વ્યાસનો અને નારદનો આ જ આશય છે). તેથી દશમા અધ્યાયના અન્તે શ્લો.૭૧માં નારદ ''તારે હવે વધારે શું શ્રવણ કરવું છે (હું તને બીજું શું કહું)'' એવો પ્રશ્ન કરે છે, (જો તેમનો આવો આશય ન હોત, તો પરીક્ષિતે જે જાણવા ઇચ્છેલું તે જાણી લીધેલ હોવાથી, ભગવાન્‌ના પરાક્રમોની સ્તુતિ કરતાં, નારદ આવો પ્રશ્ન ન કરત)૪૨-૪૫।।

શઙ્કા:પ્રહ્લાદના ચરિત્રનું શ્રવણ કરીને યુધિષ્ઠિરે ભક્તિ સમ્બન્ધી પ્રશ્ન ન કરતાં, ધર્મ સમ્બન્ધી જ અને તે પણ વર્ણાશ્રમધર્મ સમ્બન્ધી પ્રશ્ન કેમ કર્યો? (અ.૧૨।૨). વળી અહીં ''પુરુષ ભગવાન્‌ને પ્રાપ્ત કરે'' એમ કહેલું હોવાથી તેને ભગવાન્‌ની પ્રાપ્તિ સિવાય બીજા ફળની ઇચ્છા પણ ન હતી, અને ભગવાન્ તો ભક્તિથી જ પ્રાપ્ત થાય છે એમ પ્રહ્લાદના વચનો તેને કહેલાં તેથી તેણે જાણેલું. વળી આ પ્રશ્નના ઉત્તરમાં નારદે ત્રીસ પ્રકારના ધર્મ કહેલા છે (શ્લો.૮-૧૨), તેમાં શ્રવણ વગેરે નવ ભક્તિ પણ કહેલ છે જ. છતાં યુધિષ્ઠિરે ભક્તિ સમ્બન્ધી પ્રશ્ન કેમ ન કર્યો? એવો પ્રશ્ન થાય,

સમાધાનઃતો જાણવું કે ભક્તિમાર્ગ તો ફલ આપનારો (ભગવાન્‌ની પ્રાપ્તિ કરાવનારો) છે. તે પ્રાયશ્ચિત્તરૂપ નથી. તેથી તે (ફલની પ્રાપ્તિ માટે જરૂરી હોય) તેટલી જ શુદ્ધિ કરે છે. તેથી અધિક (દુષ્ટ વાસનાનો નાશ કરે તેવી) શુદ્ધિ કરતો નથી. (તેથી પ્રહ્લાદે ભક્તિ સમ્બન્ધી પ્રશ્ન કર્યો નહિ). જેમ અગ્નિ બાળી નાખનારો મનાયેલો છે, તેમ કર્મો કષાય (જીવમાં રહેલી દુષ્ટવાસના) પકવી નાખનારાં (નરમ કરનારાં) મનાયેલાં છે. (તેથી દુષ્ટ વાસનાનો નાશ કરવા માટે યુધિષ્ઠિરે વર્ણાશ્રમના ધર્મો સમ્બન્ધી જ પ્રશ્ન કર્યો)૪૬।।-૪૭

શઙ્કાઃત્યારે ''ભક્તિથી ભગવાન્ ગજેન્દ્ર ઉપર પ્રસન્ન થયા'' (અ.૯।૯), ''ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે શું પ્રાપ્ત થઈ ન શકે તેવું છે?'' (અ.૬।૨૫) વગેરે વાક્યો પ્રહ્લાદે કેમ કહેલાં? એવો પ્રશ્ન થાય,

સમાધાનઃતો જાણવું કે જેની સારી વાસના હોય અને બીજી (દુષ્ટ) વાસના ન હોય, તેને જ એકલો ભક્તિમાર્ગ ફલ આપે છે. પ્રહ્લાદને માત્ર સારી વાસના જ હતી, તેથી તેણે એ શ્લોકમાં પોતાના અનુભવનું જ વર્ણન કરેલું છે. જો બન્ને વાસનાઓ હોય તો દુષ્ટ વાસનાનો પાક(નરમ પડવાનું) કર્મથી થાય છે, અને નરમ પડેલી દુષ્ટ વાસનાનો તરત જ(થોડા સમયમાં) નાશ થાય છે. (તેથી નારદે વર્ણાશ્રમના ધર્મો કહ્યા) અથવા ભક્તિથી અથવા જ્ઞાનથી પણ દુષ્ટ વાસનાનો નાશ થાય. તેથી (ત્રીસ ધર્મો અ.૧૧।૮ થી ૧૨ કહેતાં નવ પ્રકારની ભક્તિ કહેલી છે, અને) આ પ્રકરણના અન્તમાં પણ જ્ઞાન (અ.૧૫।૬૨-૬૫) અને ભક્તિ (અ.૧૫।૬૭-૬૮) કહેલાં છે. (તેથી દુષ્ટ વાસનાનો નાશ કોઈ વાર માત્ર કર્મ કરવાથી અને કોઈ વાર કર્મ તથા જ્ઞાનથી અથવા કોઈ વાર કર્મ તથા ભક્તિ થી પણ થતો હોવાથી નારદે વર્ણાશ્રમ ધર્મો કહેલાં છે)૪૮-૪૯

ત્રીસ પ્રકારનો જે સાધારણ ધર્મ (અ.૧૧।૮-૧૨માં) કહ્યો તે અને જે વર્ણના તથા આશ્રમના ધર્મ, તેમના પેટા ધર્મો સાથે ધીરે-ધીરે આચરીને દુષ્ટ વાસનાને બાળવી જોઈએ. બ્રહ્માણ્ડમાં ત્રીસ પ્રકારના ધર્મનો જેટલો સમ્બન્ધ છે, તેથી તે ધર્મ આચરીને તેટલી (પેટા) વાસનાઓ બાળવી. વેદની વિરાટ છન્દમાં ત્રીસ વર્ણો (અક્ષરો) હોય છે, અને બ્રહ્માણ્ડમાં પણ ત્રીસ વર્ણ છે, (કારણ કે વિરાટની પેઠે બ્રહ્માણ્ડનું પણ વર્ણન થઈ શકે તેમ નથી) તેથી બ્રહ્માણ્ડને ત્રીસ પ્રકારના ધર્મનો સમ્બન્ધ છે. પ્રસન્નતા અથવા સન્તોષ સાત્ત્વિક છે, અને ભગવાન્‌ની પ્રસન્નતા ઉત્પન્ન કરવી એ બુદ્ધિના સત્ત્વગુણનું ચિન્હ છે. તેથી ત્રીસ પ્રકારના ધર્મોમાં જે સાધનો કહ્યા તેઓમાંથી જે સાધનથી ભગવાન્ પ્રસન્ન થાય તે જ સાધન આચરવું૫૦-૫૨।।

વર્ણાશ્રમના ધર્મો એટલા માટે કહેલા છે કે દુષ્ટ પુરુષને પણ જો પોતે ઈચ્છેલ ફલ પ્રાપ્ત થાય, તો તે દુષ્ટતાનો ત્યાગ કરે છે જ એવો નિર્ણય છે. તેથી જુદા-જુદા વર્ણ તથા આશ્રમો માટે જુદા-જુદા આચરવાના ચાર ધર્મો કહેલાં છે. આ ભગવાન્ પાસેથી પ્રાપ્ત થયેલા ધર્મો છે, અને જો તેઓ હૃદયમાં પ્રત્યક્ષ થાય તો તે સર્વ હૃદયમાં ભગવાન્‌નો વાસ કરાવે છે, કારણ કે તેઓ દૈત્યભાવનો નાશ કરે છે૫૨।।-૫૫

**અધ્યાય ૧૨-૧૩ઃ**

બારમા અધ્યાયમાં બ્રહ્મચારીના અને વાનપ્રસ્થ આશ્રમવાળા ના ધર્મો કહેલા છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સન્ન્યાસ આશ્રમ ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરાવવા યોગ્ય આશ્રમો છે. અને બીજો ગૃહસ્થ આશ્રમ છે. બે પ્રકારના (ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરાવવા યોગ્ય) ધર્મો જણાવવા માટે બ્રહ્મચારી અને વનમાં રહેનાર બન્નેના ધર્મોનું આ એક (બારમા) અધ્યાયમાં નિરૂપણ કરેલું છે. તેમાં પણ બ્રહ્મચારીના ધર્મો કહેતાં ''વેદનો અભ્યાસ કરવો'' એમ ત્રીજા શ્લોકમાં કહી, પછી બ્રહ્મચારી અને ગૃહસ્થના સામાન્ય ધર્મો કહી બોધ આપેલો છે. પછી બીજા એટલે વાનપ્રસ્થ આશ્રમનું નિરૂપણ કરતાં, ''અહન્તા તથા મમતાનો ત્યાગ કરી''(શ્લો.૨૪) એમ સન્ન્યાસનું ત્યાર પછીના પ્રકરણ (અધ્યાય)નું નિરૂપણ કરેલું છે. ''સર્વમાં ભગવાન્ રહેલા છે એમ જાણનાર જે બ્રહ્મચારી વાનપ્રસ્થ સન્ન્યાસી અથવા ગૃહસ્થ જ્ઞાન પ્રાપ્ત કરીને

પોતાના ધર્મનું આચરણ કરે છે તે પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે'' (શ્લો.૧૬), એમ જે સન્ન્યાસનું સૂચન કરેલું છે તે સન્ન્યાસના ધર્મ બીજા (તેરમા)અધ્યાયમાં કહેલ છે. ધર્મનું ફલ તે (સન્ન્યાસ) જ છે, ધન અને કામના નથી એમ તેમાં જણાવેલ છે૫૬-૫૭

**અધ્યાય ૧૪-૧૫:**

ચૌદમા અધ્યાયમાં ગૃહસ્થના ધર્મો કહેલા છે. ગૃહસ્થના ધર્મનું વર્ણન કરતાં અર્થ(ધન) અને કામ જે પ્રમાણે ગૃહસ્થમાં રહેલી કામનાઓનો નાશ કરનારા વિચારાએલા છે, તેવા તે બે વર્ણવેલા છે, અને તે (તેવા ધન અને કામ એ) બેનો નિર્ણય થાય તે માટે ગૃહસ્થના ધર્મના અઙ્ગરૂપ કાલ વગેરેનો નિર્ણય કહેલો છે. વિષયમાં વાસના હોય તે દુષ્ટ વાસના છે અને ધર્મના આચરણથી જ તેનો નાશ થાય છે. જયાં સુધી તેવી દુષ્ટ વાસનાનો નાશ ન થાય ત્યાં સુધી ધર્મ આચરવાનો અધિકાર છે અને વાસનાનો નાશ થયા પછી ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે એવો આચાર્યશ્રીનો મત છે૫૮-૫૯

જ્યારે પ્રાણિમાત્ર વિશે તથા પરમાત્મા શ્રીકૃષ્ણ વિશે દુષ્ટ વિચાર આવે નહિ, ત્યારે વાસનાનો ક્ષય થયેલો જાણવો. ત્યારે જ ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. બીજાઓ જેઓની વાસનાનો ક્ષય થયેલ નથી, તેઓ ભક્તિના અધિકારી નથી. ભક્તિનો અધિકાર પ્રાપ્ત કર્યા વિના જો સારી વાસનાને લીધે પોતાની મેળે અથવા ભગવાન્ના ભક્તના સઙ્ગને લીધે ભક્તિ કરે અને તેવા સમયે જો ધર્મનો ત્યાગ કરે, તો શ્રીકૃષ્ણ ઉપર તેને દ્વેષ થાય છે અથવા ઘણી જ દુર્બુદ્ધિ થાય છે. તેનાથી ભગવાન્નો અપરાધ થાય છે અને તેની ભક્તિ દોષવાળી થાય છે. આવા સમયે જો કાલ વગેરે પીડા કરે તો ભગવાન્ તેની દરકાર કરતા નથી. તેથી દુષ્ટ વાસનાથી અત્યન્ત સાવચેત રહેવું. કારણ કે દુષ્ટ વાસનાને વશ થવાને લીધે ભીષ્મ, અક્રૂર, અર્જુન વગેરે ભક્ત પણ ઘણું જ અધિક દુઃખ પામ્યા છે.

''વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છલ એ પાંચ અધર્મની શાખાઓ છે'' (અ.૧૫।૧૨-૧૪). તેઓનો ત્યાગ કરવાથી અને શ્રીકૃષ્ણના ભક્ત યુધિષ્ઠિરને નારદે જે કર્મ (વર્ણ તથા આશ્રમના ધર્મો) કહેલ છે, તે તેના કહેવા પ્રમાણે કરવાથી દુષ્ટ વાસનાનો નાશ થાય છે, પરન્તુ તેમ કરવામાં ન આવે તો કોઈ રીતે દુષ્ટ વાસનાનો નાશ થતો નથી૬૦-૬૫।।

૧.જીવ બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરે ત્યારે જીવની વાસના (જીવ બ્રહ્મથી છૂટો પડતાં ઉત્પન્ન થયેલી વાસના)નો નાશ થાય છે. ગુરુએ કરેલા ઉપદેશના બલથી તેમજ જ્ઞાનથી તેમ થાય છે (જીવ બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરે છે). પાકી ગયેલી વાસનાઓનો એ રીતે જ્ઞાનથી અથવા ભગવાન્ના) ભજનથી નાશ થાય છે.

૨.અન્તઃકરણની પરિપૂર્ણતા તો અન્તઃકરણની વાસનાઓનું નાશ થવાનું કારણ હોય છે. અન્તઃકરણ પોતાના વર્ણાશ્રમના કર્મોથી, યોગથી અથવા ભક્તિથી અને જ્ઞાનથી પણ પરિપૂર્ણ થાય છે, ત્યારે તે અન્તઃકરણના અધ્યાસનો નાશ થાય છે.

૩.પ્રાણોની દૃઢ વાસનાઓ તો તપથી જ પાકે છે.

૪.ઇન્દ્રિયોના સમ્બન્ધવાળી વાસનાઓ યોગથી જ પાકે છે, અને

૫.દેહના સમ્બન્ધવાળી વાસનાઓ તો કર્મથી જ પાકે છે. તેથી બધા વર્ણના મનુષ્યોએ; કહેલ છે તેવાં પાંચ પ્રકારનાં કર્મ (કરવાં જોઈએ)૬૫।।-૬૯।।

યોગ, તપ, ભક્તિ અને તેવી જ રીતે જ્ઞાન તથા વૈરાગ્ય થી ધીરે-ધીરે અન્તઃકરણ વગેરેના સમ્બન્ધવાળી વાસનાઓનો ક્ષય થાય છે, પરન્તુ ભક્તિથી શુદ્ધ અધિકાર પ્રાપ્ત થાય છે. બીજા કોઈ પણ સાધનથી તે પ્રાપ્ત થઈ શકતો

નથી. જો સારા ધર્મો આચરવાથી શુદ્ધ અધિકાર પ્રાપ્ત થયો હોય તો તે પ્રાપ્ત થવાનો ક્રમ ઉપર કહેલો છે તે પ્રમાણે છે૬૯।।-૭૧

૧.વેદનો અભ્યાસ અને ૨.તપ અને ૩.મમતાનો સમ્પૂર્ણ નાશ અને ૪.ઉત્તમ દેહ-કાલ વગેરે પ્રાપ્ત થતાં કરેલું ઉત્તમોત્તમ કર્મ–આ ચાર દેહ વગેરેની વાસનાઓના નાશના સાધન કહેલાં છે. જ્યારે અન્તઃકરણના ધર્મોનો સમ્પૂર્ણ ક્ષય થાય ત્યારે જ બધી વાસનાનો નાશ થાય છે. તેથી અન્તઃકરણના ધર્મોનો ક્ષય કરવાના સાધનોનું વર્ણન કરેલું છે૭૨-૭૩।।

સર્વનો આધાર વિપ્રો છે. તેઓ ગુરુ કહેવાયેલા છે. તેમની કૃપાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે, કારણ કે આ એકલું સાધન થાય છે. તેમની સેવા સર્વ કર્મરૂપ છે, અને તેમની સેવા કરવાથી વાસનાઓનો નાશ થાય છે, એમ જણાવવા નારદને થયેલ શાપ અને તેના ઉપર થયેલી બ્રાહ્મણોની કૃપા કહેલા છે(અ.૧૫।૭૨-૭૩). શ્રીકૃષ્ણની ભક્તિ કરવાથી જ બ્રાહ્મણો વશ થાય છે, કારણ કે યુધિષ્ઠિરના ઘરમાં શ્રીકૃષ્ણની સેવા થતી હોવાથી ત્યાં તેઓ આવેલા(અ.૧૫।૭૫). તેથી જો સદા શ્રીકૃષ્ણની સેવા થાય તો એક પછી એક સર્વ વાસનાઓનો નાશ થાય છે, તેમાં સંશય નથી. તેથી કર્મ કરવાની શક્તિ ન હોય તો બ્રાહ્મણોનાં વચન પ્રમાણે શ્રીકૃષ્ણની સેવા સદા કરવી. બ્રાહ્મણોએ તો કર્મો સાથે શ્રીકૃષ્ણની સેવા કરેલી૭૩।।-૭૮

હવે આ સ્કન્ધમાં નિર્ણય કરેલો સ્પષ્ટ વિષય અહીં કહેવામાં આવે છે. જેને દુષ્ટ અને સારી બન્ને પ્રકારની વાસના હોય, તેણે ગુરુની સર્વ ભાવથી (અન્તઃકરણપૂર્વક) સેવા કરવી, અને પછી ગુરુના વચન પ્રમાણે ભગવાન્નું ભજન કરવું. જો ગુરુ અને શિષ્ય બન્નેની વાસના કોઈ પણ પ્રકારે દુષ્ટ હોય તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કર્મો કરવાં. જો કોઈ પણ પ્રસઙ્ગે (ત્રીસ પ્રકારના) સાધારણ ધર્મ(કર્મ)માં શ્રદ્ધા થાય અને જો તેનાથી વાસનાનો નાશ થાય, તો ભગવાન્ની ભક્તિ કરવાનો જ અભ્યાસ રાખવો. અને જો તેવી રીતે વાસનાનો નાશ ન થાય, તો જન્મ પ્રાપ્ત કરી, બ્રહ્મચર્ય વગેરે આશ્રમોના ધર્મો આચરવા. આમ કરવાથી અવશ્ય પહેલાનાં જન્મની જાતિનું સ્મરણ રહેશે, અથવા સંસ્કાર જાગ્રત થશે. એમ થાય ત્યારે બુદ્ધિથી આશ્રમના ધર્મોના ચાર વિભાગ કરી અનુક્રમે એક પછી એક આશ્રમના ધર્મનું આચરણ કરવું, અને વાસનાનો નાશ થાય ત્યારે નક્કી ભક્તિ કરવી. પછી ધીરે-ધીરે ભગવાન્ તેને વશ જરૂર થવાના. અને જો દુષ્ટ વાસનાનો નાશ થયો ન હોય, તો તે જરૂર મુક્તિ પ્રાપ્ત કરવાનો. જો ભગવાન્ની ઈચ્છાથી મુક્તિ પ્રાપ્ત થવામાં વિલંબ થાય, તો આઠમા સ્કન્ધમાં કહેલા ઉત્તમ ધર્મોનું આચરણ કરવું. એમ કરવાથી જે નવમા સ્કન્ધમાં કહેલી છે તે ભક્તિ તેને જરૂર પ્રાપ્ત થવાની. વચલા સમયમાં જો ઉત્તમ પુરુષોનો તિરસ્કાર થાય, તો દુષ્ટ વાસનાની વૃદ્ધિ થાય છે. બન્ને પ્રકારમાં ફલ શ્રીકૃષ્ણથી પ્રાપ્ત થાય છે. આ ભગવાન્ની ઊતિલીલા છે ભગવાન્ સદા મુક્તિ આપે છે।।૭૯-૮૭।।

----